Claiming benefits when you have cancer: Gujarati

# તમને કેન્સર હોય ત્યારે લાભોનો દાવો કરવો

આ માહિતી તમને કેન્સર હોય ત્યારે લાભોનો દાવો કરવા વિશે છે.

જો તમને આ માહિતી વિશે કોઈ પ્રશ્નો હોય, તો તમે મૅકમિલન (Macmillan) કેન્સર સપોર્ટને **0808 808 00 00** પર, અઠવાડિયાના 7 દિવસ, સવારે 8 થી સાંજના 8 વાગ્યા સુધી કૉલ કરી શકો છો. અમારી પાસે દુભાષિયા છે, તેથી તમે તમારી પોતાની ભાષામાં અમારી સાથે વાત કરી શકો છો. જ્યારે તમે અમને ફોન કરો, ત્યારે અમને અંગ્રેજીમાં જણાવો કે તમને કઈ ભાષાની જરૂર છે. **macmillan.org.uk/translations** પર અન્ય ભાષાઓમાં કેન્સરની વધુ માહિતી છે

## આ માહિતી નીચેની બાબત વિશે છે:

- ક્યાં લાભો છે?
- જો તમારો જન્મ UK માં થયો ન હતો
- જો તમને સંભાળ અથવા ગતિશીલતા સંબંધી જરૂરિયાતો હોય
- જો તમે કામ કરી શકતા નથી અથવા ઓછી આવક ધરાવતા હોવ
- જો તમે કેન્સરથી પીડિત કોઈ વ્યક્તિની સંભાળ રાખતા હોવ
- રેહણાંકના ખર્ચ માટે મદદ
- જો તમે પેન્શન મેળવવાની ઉંમરના છો
- આગળ શું કરવું
- મૅકમિલન (Macmillan) કેવી રીતે મદદ કરી શકે છે
- તમારી ભાષામાં વધુ માહિતી
- સંદર્ભો અને આભાર

## ક્યાં લાભો છે?

લાભો સરકાર મારફત જેમને જીવન જરુરી ખર્ચ સાથે મદદની જરૂર હોય તેવા લોકોને પૂરી પાડવામાં આવતી ચુકવણીઓ છે. જ્યારે તમને કેન્સર હોય ત્યારે, તમને લાભો મળી શકે છે જો તમે:

- બીમાર છો
- વિકલાંગતા ધરાવો છો
- ઓછી આવક ધરાવો છો
- કોઈની સંભાળ રાખો છો.

અલગ-અલગ પ્રકારના ઘણાં લાભો છે. આ ફેક્ટ શીટમાં અમે અમુક સામાન્ય બાબતો સમજાવી છે.

## જો તમારો જન્મ UK માં થયો ન હતો

તમે કેટલાક લાભો મેળવવા માટે સક્ષમ બનશો નહીં જો તમે:

- અન્ય દેશમાંથી UK માં રહેવા અથવા કામ કરવા આવ્યા હોય
- આશ્રય શોધનાર હોવ.

નિયમો સમજવા કઠીન બની શકે છે અને તમે અને તમારો પરિવાર કયા દેશમાંથી આવો છો તેનાં પર આધાર રાખી શકે છે. તમે મૅકમિલન (Macmillan) ને **0808 808 00 00** પર ફોન કરી અને સલાહ માટે અમારાં કલ્યાણ અધિકારના સલાહકારોમાં◌ંથી એક સાથે વાત કરી શકો છો.

## જો તમને સંભાળ અથવા ગતિશીલતા સંબંધી જરૂરિયાતો હોય

જો તમે સ્ટેટ પેન્શન ઉંમરની ઉપર અથવા નીચે હોવ તો તમે દાવો કરી શકો તે લાભો ભિન્ન હોય છે. આ ઉંમર તમારો જન્મ ક્યારે થયો હતો તેના પર આધારિત છે. તમે તમારી સ્ટેટ પેન્શનની ઉંમર **gov.uk/state-pension-age** પર શોધી શકો છો

- **પર્સનલ ઇન્ડિપેન્ડેન્સ પેમેન્ટ (વ્યક્તિગત સ્વતંત્રતા ચૂકવણી)** 16 વર્ષથી લઇને સ્ટેટ પેન્શન મેળવવાની ઉંમરનાં લોકો માટે છે કે જેમને દૈનિક જીવનમાં અથવા હલન-ચલન કરવામાં તકલીફો હોય. તમને આ તકલીફો ઓછામાં ઓછા 3 મહિનાથી હોવી જોઈએ. તમે ઓછામાં ઓછા 9 મહિનાઓ સુધી તેઓ ચાલે તેવી અપેક્ષા રાખતા હોવ તે અનિવાર્ય છે. જો તમે સ્કોટલેન્ડમાં રહેતા વયસ્ક છો, તો વ્યક્તિગત સ્વતંત્રતા ચૂકવણીને પુખ્ત વિકલાંગતા ચૂકવણી દ્વારા બદલવામાં આવી છે.
- **અટેન્ડન્સ અલાવન્સ (સેવા ભથ્થું)** એવા લોકો માટે છે જેઓ સ્ટેટ પેન્શન મેળવવાની ઉંમરના અથવા તેથી વધુ ઉંમરના હોય. તે એવા લોકો માટે છે જેમને પોતાની કાળજી લેવામાં મુશ્કેલી પડતી હોય. આ બિમારી અથવા વિકલાંગતાનાં કારણે હોઇ શકે છે. ઉદાહારણ તરીકે, તમને પથારીમાંથી ઊભા થવામાં, સ્નાન કરવામાં અથવા જાતે તૈયાર થવામાં મદદની જરૂર હોઈ શકે છે. તમને ઓછામાં ઓછા 6 મહિના માટે આ સહાયની જરૂર પડતી હોવી જોઇએ.

જો તમારા કેન્સરનો ઉપચાર થઈ શકતો નથી, તો તમે વિશિષ્ટ નિયમો હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતા ચુકવણી અથવા સેવા ભથ્થું મેળવી શકો છો. આ નિયમોનો અર્થ છે કે તમને ઝડપથી અને સૌથી વધુ રકમના લાભ મળશે. આમ કરવામાં તમારા ડૉક્ટર અથવા નર્સ મદદ કરી શકે છે.

## જો તમે કામ કરી શકતા નથી અથવા ઓછી આવક ધરાવતા હોવ

- **સ્ટેચ્યુટરી સિક પે (કાયદાકીય રીતે બીમાર લોકોને મળવાપાત્ર પગાર)** જે લોકોને બીમાર હોવાનાં કારણે નોકરીમાંથી રજા લેવાની જરૂર પડે છે તે લોકો માટે છે. જો તમે આ માટે પાત્ર છો, તો તમારા રોજગારદાતાએ તમને દર અઠવાડિયે ચૂકવવાનો રહેશે. તેઓ બીમારીના 28 અઠવાડિયા સુધી ચુકવણી કરશે.
- **એમ્પલોયમેન્ટ એન્ડ સપોર્ટ એલાવન્સ (રોજગારી અને સહાયતા ભથ્થુ)** સ્ટેટ પેન્શન નીચેની ઉંમર ધરાવતા એવા લોકો માટે છે જેઓને બિમારી અથવા વિકલાંગતા હોય જે તેઓ કેટલું કામ કરી શકે છે તેનાં પર અસર કરતી હોય. જો તમે કામ ન કરી શકતા હોવ અથવા માત્ર થોડું કામ કરી શકતા હોવ, તો તમને આ લાભ મળી શકે છે.

- જો તમે વધારે પૈસા કમાતા નથી અથવા કામ કરી શકતા નથી, તો તમે **યુનિવર્સલ ક્રેડિટ** મેળવી શકશો. આનો આધાર તમે ક્યાં રહો છો તેના પર રહેશે. દાવો કરવાની રીત તમે ક્યાં રહો છો તેના પર આધાર રાખશે. જો તમે ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્શમાં રહેતા હોવ, તો મુલાકાત લો **gov.uk/universal-credit** જો તમે નોર્ધર્ન આયર્લેન્ડમાં રહેતા હોવ, તો મુલાકાત લો **nidirect.gov.uk/universal-credit**

## જો તમે કેન્સરથી પીડિત કોઈ વ્યક્તિની સંભાળ રાખતા હોવ

- **કેરર્સ અલાવન્સ (સંભાળ રાખનારનું ભથ્થું)**, એવા લોકો માટે છે જે ઘણી મદદની જરૂર ધરાવતી કોઈ વ્યક્તિની સંભાળ રાખતા હોય. તમારી ઉંમર 16 વર્ષની કે તેથી વધુ હોવી જોઈએ. તમે અઠવાડિયામાં ઓછામાં ઓછા 35 કલાક માટે વ્યક્તિની સંભાળ રાખતા હોવા જોઇએ. તમે તેમના સં◌ંબંધી હોવ કે તેમની સાથે રહેતા હોવ તે જરૂરી નથી. તમે કોઈ પગારદાર કામ કરતા હોવ તો પણ તમને આ લાભ મળી શકે છે.
- **કેરર્સ ક્રેડિટ (સંભાળ રાખનારની જમા રકમ)** તમને કોઈ નાણા આપતી નથી. પરંતુ તે જીવનમાં પછીથી સ્ટેટ પેન્શન માટે તમારા હક્કનું રક્ષણ કરવામાં સહાય કરે છે. તે મેળવવા માટે તમારે ઓછામાં ઓછા એક વ્યક્તિની અઠવાડિયામાં 20 કલાક કે તેથી વધુ સમય માટે કાળજી લેવાની જરૂર છે.

## રેહણાંકના ખર્ચ માટે મદદ

- **જો તમારી આવક ઓછી હોય તો હાઉસિંગ બેનિફિટ** તમને તમારું ભાડું ચૂકવવામાં મદદ કરે છે. તમે જે રકમ મેળવી શકો છો તે તમે ક્યાં રહો છો, તમારી ઉંમર અને તમારી પાસે કેટલાં શયનખંડ છે તેના પર આધાર રાખે છે. મોટાભાગનાં કિસ્સાઓમાં યુનિવર્સલ ક્રેડિટ (UC) એ આવાસ લાભનું સ્થાન લઇ લીધુ છે.
- જો તમે **યુનિવર્સલ ક્રેડિટ** મેળવવા માટે સક્ષમ છો, તો તમે તમારા ભાડા અથવા અન્ય હાઉસિંગ ખર્ચમાં મદદ કરવા માટે ચૂકવણી મેળવી શકશો.

## જો તમે પેન્શન મેળવવાની ઉંમરના છો

- **સ્ટેટ પેન્શન** એ એક સાપ્તાહિક ચુકવણી છે જે તમે જ્યારે ચોક્કસ ઉંમર સુધી પહોંચો ત્યારે તમે સરકાર તરફથી મેળવી શકો છો. આ ઉંમર તમારો જન્મ ક્યારે થયો હતો તેના પર આધારિત છે. તમે તમારી સ્ટેટ પેન્શનની ઉંમર **gov.uk/state-pension-age** પર શોધી શકો છો
- **પેન્શન ક્રેડિટ** એવા લોકો માટે છે જેઓ સ્ટેટ પેન્શનની ઉંમરે પહોંચી ગયા છે અને તેમની આવક ઓછી છે. તે તમને તમારા સ્ટેટ પેન્શનની ટોચ પર એક વધારાની રકમ આપે છે.

## આગળ શું કરવું

આ માહિતીમાં, અમે ઉપલબ્ધ છે તેવા ફક્ત થોડાં◌ં લાભો વિશે વાત કરી છે. તમે કોઈ અન્ય લાભો માટેનો દાવો કરી શકો છો કે કેમ તે જાણવા માટે અમારા કોઈપણ વેલ્ફેર રાઇટ્સ એડવાઇઝર્સ સાથે વાત કરવી સારી રહેશે. તમે અમને **0808 808 00 00** પર મફત ફોન કરી શકો છો. અમે તમને તમે કયાં લાભોનો દાવો કરી શકો એમ છો તેના વિશે વધુ માહિતી આપી શકીએ છીએ. અમે અરજી કરવામાં પણ તમને મદદ કરી શકીએ છીએ.

તમે ઓનલાઇન વધુ માહિતી મેળવીને લાભો માટે અરજી કરી શકો છો. મુલાકાત લો:

- **gov.uk** જો તમે ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અથવા વેલ્સમાં રહો છો
- **nidirect.gov.uk** જો તમે ઉત્તરી આયર્લેન્ડમાં રહો છો.

## તમારા માટે યોગ્ય સાર-સંભાળ અને સહાયતા પ્રાપ્ત કરવી

જો તમને કેન્સર હોય અને તમને અંગ્રેજી બોલતા આવડતું ન હોય, તો તમને ચિંતા થઈ શકે છે કે આનાંથી તમારી કેન્સરની સારવાર અને સાર-સંભાળને અસર પહોંચશે. પરંતુ તમારી આરોગ્ય સાર-સંભાળ ટીમ તમારી જરૂરિયાતો પુરી પાડતી હોય એવી સાર-સંભાળ, સહયોગ અને માહિતી તમને આપશે.

અમને ખબર છે કે ક્યારેક લોકોને યોગ્ય સહયોગ મેળવવામાં વધારાનાં પડકારોનો સામનો કરવો પડી શકે છે. દાખલા તરીકે, જો તમે કામ કરતી વ્યક્તિ છો અથવા તમારો પરિવાર છે તો હોસ્પિટલ એપોઇન્ટમેન્ટ્સમાં જવા માટે સમય ફાળવવાનું મુશ્કેલ બની શકે છે. તમે નાણા અને પરિવહન ખર્ચાઓથી પણ ચિંતિતિ હોઈ શકો છો. આ બધું તણાવપૂર્ણ હોઇ શકે છે અને તેનો સામનો કરવો મુશ્કેલ બની શકે છે.

અમે કેન્સર પીડિત લોકોને મૅકમિલન અનુદાન (Macmillan Grants) પણ આપીએ છીએ. આ એક વખતની ચૂકવણીઓ છે જેનો ઉપયોગ હોસ્પિટલ પાર્કિંગ, મુસાફરી ખર્ચ, બાળસંભાળ અથવા વીજ સપ્લાય બિલો જેવી વસ્તુઓ માટે કરી શકાય છે.

અમારી ફ્રી સપોર્ટ લાઇન 0808 808 00 00 તમારી પરિસ્થિતિ વિશે તમારી ભાષામાં સલાહ ઑફર કરી શકે છે. તમે નર્સો, નાણાકીય સલાહકારો, સ્વાસ્થ્ય-સુખાકારી અધિકાર સલાહકાર અને વર્ક સપોર્ટ સલાહકાર સાથે વાત કરી શકો છો.

## મૅકમિલન (Macmillan) તમને કેવી રીતે મદદ કરી શકે છે

મૅકમિલન (Macmillan) ખાતે, અમને ખબર છે કે કેન્સરનું નિદાન કેવી રીતે બધી વસ્તુઓને અસર કરી શકે છે અને અમે તમને સહાય કરવા માટે ઉપલબ્ધ છીએ.

### મૅકમિલન સપોર્ટ લાઇન (Macmillan Support Line)

અમારી પાસે દુભાષિયા છે, જેથી તમે અમારી સાથે તમારી ભાષામાં વાત કરી શકો. તમે જે ભાષાનો ઉપયોગ કરવા માંગો છો, ફક્ત તે અમને અંગ્રેજીમાં જણાવો. અમે તબીબી પ્રશ્નોમાં મદદ કરી શકીએ છીએ, નાણાકીય સહાય વિશે તમને માહિતી આપી શકીએ છીએ અથવા તમને વાત કરવા માટે કોઈની જરૂર હોય તો તે તમને સાંભળવા ત્યાં રહી શકે છે. ફ્રી, ગોપનીય ફોન લાઇન અઠવાડિયામાં 7 દિવસ, સવારના 8 વાગ્યાથી રાત્રિના 8 વાગ્યા સુધી ચાલુ છે.
અમને **0808 808 00 00** પર કૉલ કરો.

### મૅકમિલન (Macmillan) વેબસાઈટ

અમારી વેબસાઈટમાં કેન્સર વિશે અંગ્રેજીમાં ઘણી બધી માહિતી છે.
**macmillan.org.uk/translations** પર અન્ય ભાષાઓમાં પણ વધુ માહિતી છે

અમે માત્ર તમારા માટે ભાષાંતરની પણ વ્યવસ્થા કરી શકીએ છીએ. તમને શું જરૂર છે તે અમને કહેવા માટે અમને **cancerinformationteam@macmillan.org.uk** પર ઇમેઇલ કરો.

**માહિતી કેન્દ્રો**
અમારા માહિતી અને સહાયક કેન્દ્રો હોસ્પિટલો, પુસ્તકાલયો અને સમુદાય કેન્દ્રોમાં સ્થિત છે. તમને જરૂર હોય તેવી માહિતી મેળવવા તેમાંથી કોઇ એકની મુલાકાત લો અને કોઈ વ્યક્તિ સાથે રૂબરૂમાં વાત કરો. **macmillan.org.uk/informationcentres** પર તમારું નજીકનું કેન્દ્ર શોધો અથવા
અમને **0808 808 00 00** પર કૉલ કરો.

**સ્થાનિક સહાય જૂથો**
એક સહાય જૂથમાં તમે કેન્સરથી પ્રભાવિત અન્ય લોકો સાથે વાત કરી શકો છો. તમારા વિસ્તારમાં સપોર્ટ જૂથો **macmillan.org.uk/supportgroups** પર શોધો અથવા
અમને **0808 808 00 00**પર કૉલ કરો.

**મૅકમિલન ઓનલાઇન કોમ્યુનિટી (Macmillan Online Community)**
તમે કેન્સરથી અસરગ્રસ્ત અન્ય લોકો સાથે પણ ઓનલાઇન **macmillan.org.uk/community** પર વાત કરી શકો છો તમે તેને દિવસ કે રાત્રિના કોઈપણ સમયે એક્સેસ કરી શકો છો. તમે તમારા અનુભવો શેર કરી શકો છો, પ્રશ્નો પૂછી શકો છો અથવા માત્ર લોકોની પોસ્ટ વાંચી શકો છો.

# તમારી ભાષામાં વધુ માહિતી

અમારી પાસે આ વિષયો વિશે તમારી ભાષામાં માહિતી છે:

- કેન્સરનો સામનો કરવો
- કેન્સર અને કોરોનાવાયરસ
- UK માં કેન્સરની સંભાળ
- તમને કેન્સર હોય ત્યારે લાભોનો દાવો કરવો
- ખોરાક સંબંધી સમસ્યાઓ અને કેન્સર
- જીવનનો અંત
- શરણાર્થીઓ અને આશ્રય મેળવવા માંગતા લોકો માટે આરોગ્ય સંભાળ
- આરોગ્યપ્રદ આહાર લેવો
- તમને કેન્સર હોય ત્યારે ખર્ચાઓમાં મદદ
- જો તમને કેન્સરનું નિદાન થયું હોય
- LGBTQ+ લોકો અને કેન્સર
- સેપ્સિસ અને કેન્સર
- કેન્સરની સારવારની આડઅસરો
- થાક લાગવો (થકાવટ) અને કેન્સર

**કેન્સરના પ્રકારો**
- સ્તન કેન્સર
- સર્વાઇકલ કેન્સર
- મોટા આંતરડાનું કેન્સર
- ફેફસાંનું કેન્સર
- પ્રોસ્ટેટ કેન્સર

**સારવારો**
- કિમોથે◌ે◌ેરેપી
- રેડિયોથેરેપી
- સર્જરી

આ માહિતી જોવા માટે, **macmillan.org.uk/translations** પર જાઓ

# સંદર્ભો અને આભાર

આ માહિતી મૅકમિલન કેન્સર સપોર્ટ (Macmillan Cancer Support) ની કેન્સર માહિતી વિકાસ ટીમ (Cancer Information Development team) દ્વારા લખવામાં અને સંપાદિત કરવામાં આવી છે. મૅકમિલનકેન્સર સપોર્ટ (Macmillan Cancer Support) આ માહિતી માટે અનુવાદ કંપની દ્વારા તમારી ભાષામાં અનુવાદ કરવા માટે ચૂકવણી કરી છે.

આ માહિતી મેકમિલન (Macmillan) પુસ્તિકા હેલ્પ વિથ ધ કોસ્ટ ઓફ કેન્સર પર આધારિત છે.

આ માહિતીની સંબંધિત નિષ્ણાતો દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને મૅકમિલન (Macmillan)ના કલ્યાણ અધિકારો અને ટીમ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે.

કેન્સરથી અસરગ્રસ્ત લોકોનો પણ આભાર જેમણે આ આવૃત્તિની સમીક્ષા કરી છે.

અમારી બધી માહિતી ઉપલબ્ધ શ્રેષ્ઠ પુરાવા પર આધારિત છે.અમારા દ્વારા ઉપયોગ કરાતાં સ્રોત વિશે  વધુ માહિતી માટે, કૃપા કરીને **cancerinformationteam@macmillan.org.uk** પર અમારો સંપર્ક કરો

**સામગ્રીની સમીક્ષા કરવામાં આવી: 2022 આગામી નિર્ધારિત સમીક્ષા: 2025**

MAC15139_Gujarati

અમે જે માહિતી આપીએ છીએ તે સચોટ અને અદ્યતન છે તેની ખાતરી કરવા અમે તમામ પ્રયાસો કરીએ છીએ પરંતુ તમારી પરિસ્થિતિને અનુરૂપ નિષ્ણાત વ્યાવસાયિક સલાહના વિકલ્પ તરીકે તેના પર આધારિત રહેવું જોઇએ નહીં. જ્યાં સુધી કાયદા દ્વારા પરવાનગી છે, ત્યાં સુધી આ પ્રકાશનમાં સમાવિષ્ટ કોઇપણ માહિતી કે તેમાં સમાવિષ્ટ કે સંદર્ભિત તૃતીય પક્ષીય માહિતી અથવા વેબસાઇટના ઉપયોગ સંબંધમાં મૅકમિલનની કોઈ જવાબદારી નથી.

© મૅકમિલન કેન્સર સપોર્ટ (Macmillan Cancer Support) 2022, ઇંગ્લેન્ડ અને વેલ્શ (261017), સ્કોટલેન્ડ (SC039907) અને આઇલ ઑફ મેન (604) માં રજિસ્ટર્ડ ચેરિટી. ઉત્તરી આયર્લૅન્ડમાં પણ કાર્યરત છે. ઇંગ્લેન્ડ અને વેલ્શમાં કંપની નંબર 2400969થી રજિસ્ટર થયેલ નોંધાયેલ બાંહેધરી દ્વારા મર્યાદિત કંપની. આઇઝલ ઑફ મેન (Isle of Man) કંપની નંબર 4694F. રજિસ્ટર્ડ ઓફિસ: 89 Albert Embankment, London SE1 7UQ. VAT નં.: 668265007

Trusted Information Creator
Patient Information Forum

Claiming benefits when you have cancer: English

# Claiming benefits when you have cancer

This information is about claiming benefits when you have cancer.

If you have any questions about this information you can call Macmillan Cancer Support on **0808 808 00 00**, 7 days a week, 8am to 8pm. We have interpreters, so you can speak to us in your own language. When you call us, please tell us in English which language you need.

There is more cancer information in other languages at **macmillan.org.uk/translations**

## This information is about:

- What are benefits?
- If you were not born in the UK
- If you have care or mobility needs
- If you cannot work or have a low income
- If you look after someone with cancer
- Help with housing costs
- If you are of pension age
- What to do next
- How Macmillan can help
- More information in your language
- References and thanks

## What are benefits?

Benefits are payments from the government to people who need help with the cost of living. When you have cancer, you might be able to get benefits if you:

- are ill
- have a disability
- have a low income
- are looking after someone.

There are many different benefits. In this factsheet we explain some common ones.

## If you were not born in the UK

You may not be able to get some benefits if you:

- have come from another country to live or work in the UK
- are an asylum seeker.

The rules can be hard to understand and can depend on which country you and your family are from. You can call Macmillan on **0808 808 00 00** and speak to one of our welfare rights advisers for advice.

## If you have care or mobility needs

The benefits you can claim are different if you are above or below the State Pension age. This age depends on when you were born. You can find out your State Pension age at **gov.uk/state-pension-age**

- **Personal Independence Payment** is for people aged 16 to State Pension age who have problems with daily living or moving around. You must have had these problems for at least 3 months. You must expect them to last for at least 9 months. If you are an adult living in Scotland, Personal Independence Payment has been replaced by Adult Disability Payment.
- **Attendance Allowance** is for people who are at or above State Pension age. It is for people who have problems looking after themselves. This can be because of an illness or disability. For example, you might need help with things like getting out of bed, having a bath or dressing yourself. You must have needed this help for at least 6 months.

If your cancer cannot be cured, you may be able to get Personal Independence Payment or Attendance Allowance under special rules. These rules mean you will get the benefit quickly and at the highest amount. Your doctor or nurse can help you with this.

## If you cannot work or have a low income

- **Statutory Sick Pay** is for people who need to take time off from their job because they are ill. If you qualify for this, your employer must pay it to you each week. They will pay it for up to 28 weeks of illness.
- **Employment and Support Allowance** is for people under State Pension age who have an illness or disability that affects how much they can work. You may be able to get this benefit if you cannot work or can only do a small amount of work.
- If you do not earn much money or cannot work, you may be able to get **Universal Credit**. This will depend on where you live. The way to make a claim will depend on where you live. If you live in England, Scotland and Wales, visit **gov.uk/universal-credit** If you live in Northern Ireland, visit **nidirect.gov.uk/universal-credit**

## If you look after someone with cancer

- **Carer's Allowance** is for people looking after someone with a lot of care needs. You must be aged 16 or over. You must be caring for the person for at least 35 hours a week. You do not need to be related to them or living together. You can get this benefit even if you do some paid work.
- **Carer's Credit** does not give you any money. But it helps protect your right to a State Pension later in life. You must look after at least one person for 20 hours or more a week to get it.

## Help with housing costs

- **Housing Benefit** helps you to pay your rent if you have a low income. The amount you can get depends on where you live, your age and the number of bedrooms you have. Universal Credit (UC) has replaced Housing Benefit in most cases.
- If you are able to get **Universal Credit**, you might be able to get a payment to help with your rent or other housing costs.

## If you are of pension age

- **State Pension** is a weekly payment you can get from the government when you reach a certain age. This age depends on when you were born. You can find out your State Pension age at [gov.uk/state-pension-age](gov.uk/state-pension-age)
- **Pension Credit** is for people who have reached State Pension age and have a low income. It gives you an extra amount on top of your State Pension.

## What to do next

In this information, we have only talked about some of the benefits that are available. It is a good idea to talk to one of our welfare rights advisers to see if you can claim any other benefits. You can call us free on **0808 808 00 00**. We can tell you more about which benefits you may be able to claim. We can also help you apply.

You can find more information and apply for benefits online. Visit:

- [gov.uk](gov.uk) if you live in England, Scotland or Wales
- [nidirect.gov.uk](nidirect.gov.uk) if you live in Northern Ireland.

## Getting the right care and support for you

If you have cancer and do not speak English, you may be worried that this will affect your cancer treatment and care. But your healthcare team should offer you care, support and information that meets your needs.

We know that sometimes people may face extra challenges in getting the right support. For example, if you work or have a family it can be hard to find time to go to hospital appointments. You might also have worries about money and transport costs. All of this can be stressful and hard to cope with.

We also offer Macmillan Grants to people with cancer. These are one-off payments that can be used for things like hospital parking, travel costs, childcare or heating bills.

Our free support line 0808 808 00 00 can offer advice, in your language, about your situation. You can speak to nurses, financial guides, welfare rights advisers and work support advisers.

## How Macmillan can help you

At Macmillan, we know how a cancer diagnosis can affect everything, and we are here to support you.

**Macmillan Support Line**
We have interpreters, so you can speak to us in your language. Just tell us, in English, the language you want to use. We can help with medical questions, give you information about financial support, or be there to listen if you need someone to talk to. The free, confidential phone line is open 7 days a week, 8am to 8pm.
Call us on **0808 808 00 00**.

**Macmillan website**
Our website has lots of information in English about cancer. There is also more information in other languages at **macmillan.org.uk/translations**

We can also arrange translations just for you. Email us at **cancerinformationteam@macmillan.org.uk** to tell us what you need.

**Information centres**
Our information and support centres are based in hospitals, libraries and community centres. Visit one to get the information you need and speak with someone face to face. Find your nearest centre at **macmillan.org.uk/informationcentres** or call us on **0808 808 00 00**.

**Local support groups**
At a support group, you can talk to other people affected by cancer. Find out about support groups in your area at **macmillan.org.uk/supportgroups** or call us on **0808 808 00 00**.

**Macmillan Online Community**
You can also talk to other people affected by cancer online at **macmillan.org.uk/community** You can access it at any time of day or night. You can share your experiences, ask questions, or just read through people’s posts.

## More information in your language

We have information in your language about these topics:

- Coping with cancer
- Cancer and coronavirus
- Cancer care in the UK
- Claiming benefits when you have cancer
- Eating problems and cancer
- End of life
- Healthcare for refugees and people seeking asylum
- Healthy eating
- Help with costs when you have cancer
- If you are diagnosed with cancer
- LGBTQ+ people and cancer
- Sepsis and cancer
- Side effects of cancer treatment
- Tiredness (fatigue) and cancer

**Types of cancer**
- Breast cancer
- Cervical cancer
- Large bowel cancer
- Lung cancer
- Prostate cancer

**Treatments**
- Chemotherapy
- Radiotherapy
- Surgery

To see this information, go to **macmillan.org.uk/translations**

## References and thanks

This information has been written and edited by Macmillan Cancer Support's Cancer Information Development team. Macmillan Cancer Support has paid for this information to be translated into your language by a translation company.

This information is based on the Macmillan booklet Help with the cost of cancer.

This information has been reviewed by relevant experts and approved by Macmillan's Welfare Rights and Team.

Thanks also to the people affected by cancer who reviewed this edition.

All our information is based on the best evidence available. For more information about the sources we use, please contact us at **cancerinformationteam@macmillan.org.uk**

**Content reviewed: 2022 Next planned review: 2025**

MAC15139_ English

We make every effort to ensure that the information we provide is accurate and up-to-date but it should not be relied upon as a substitute for specialist professional advice tailored to your situation. So far as is permitted by law, Macmillan does not accept liability in relation to the use of any information contained in this publication or third party information or websites included or referred to in it.

© Macmillan Cancer Support 2022, registered charity in England and Wales (261017), Scotland (SC039907) and the Isle of Man (604). Also operating in Northern Ireland. A company limited by guarantee, registered in England and Wales company number 2400969. Isle of Man company number 4694F. Registered office: 89 Albert Embankment, London SE1 7UQ. VAT no: 668265007

Trusted Information Creator

*Patient Information Forum*